અક્રમ યુથ

માર્ચ ૨૦૨૧ ગુજરાતી દાદા ભગવાન પરિવાર ₹ 20

પોતાની ગરજે મોક્ષે જનારા કેવા હોય ?

અનુક્રમણિકા

૫	મોક્ષે જનારા કેવા ? પોતાની ગરજે મોક્ષે જનારા !
૬	મોક્ષે જનારા કેવા ? પરમ વિનયવાળા
૯	મોક્ષે જનારા કેવા ? કોઈના દોષ ના જુએ
૧૦	મોક્ષે જનારા કેવા ? સતત આત્માની જ વિચારણામાં
૧૨	મોક્ષે જનારા કેવા ? સદા સિન્સિયર
૧૪	મોક્ષે જનારા કેવા ? એડજસ્ટ એવરીવ્હેર થાય
૧૮	મોક્ષે જનારા કેવા ? કલ્યાણની ભાવનાવાળા
૨૦	મોક્ષે જનારા કેવા ? કોઈને દુઃખ ના આપે
૨૨	મોક્ષે જનારા કેવા ? જ્ઞાનીનો રાજીપો મેળવે
૨૩	મોક્ષે જનારા કેવા ? દરેક પગલે વિચારે, 'જ્ઞાની રાજી થશે ?'

વર્ષ: ૮, અંક : ૧૧
સળંગ અંક : ૯૫
માર્ચ ૨૦૨૧

સંપર્ક સૂત્ર :
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth

તંત્રી - ડિમ્પલ મહેતા

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by : Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Published at : Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

Subscription
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn in favour of "Mahavideh Foundation" payable at Ahmedabad.

© 2021, Dada Bhagwan Foundation.
All Rights Reserved

સંપાદકીય

યુવા મિત્રો, આપણે જીવનમાં જયારે કોઈ પ્રતિભાશાળી વ્યક્તિને મળીએ તો તેમના કોઈ ને કોઈ ગુણોથી પ્રભાવિત અને આકર્ષિત થઈએ છીએ. અને નિયમ એવો છે કે જે ગુણો આપણામાં ના હોય, જે સામી વ્યક્તિમાં હોય, તો તે વ્યક્તિ તરફ સહેજે આકર્ષણ થાય જ. અને તેમને જોઈ જોઈને જ તેવા ગુણો આપણામાં પણ ખીલતા જાય. તો ચાલો આજે આપણે એવી એક પ્રતિભાનો પરિચય મેળવીએ.

મોટે ભાગે તો જ્ઞાની પુરુષો અને ભગવંતો આત્મસાક્ષાત્કાર પામી એ જ અવતારમાં નિર્વાણ પદને પ્રાપ્ત કરતા હોય છે. બહુ જૂજ એવા પ્રસંગો જોવા મળે છે જેમ કે મહાવીર ભગવાન ૪૨ વર્ષની આયુમાં કેવળજ્ઞાન પામી ૭૨ વર્ષ સુધી વિચર્યા. કૃપાળુદેવે આત્મજ્ઞાન પામી નાની વયે જ વિદાય લીધી અને બહુ ઓછા લોકો એમના સંપર્કમાં આવી શક્યા. દાદાશ્રીને ૧૯૫૮માં અક્રમ જ્ઞાન પ્રાપ્ત થયું, પછી ૩૦ વર્ષ જ્ઞાનલહાણી કરી શક્યા. દાદાશ્રીના કૃપાપાત્ર નીરુમા, દાદાશ્રી પાસેથી જ્ઞાન પ્રાપ્ત થયા બાદ સતત ૩૮ વર્ષ અક્રમ ઝંડો ફરકાવતા આપણી સાથે રહ્યા. અને આપણા સૌના લાડીલા પૂજ્યશ્રી ૧૭ વર્ષની વયે દાદા પાસે જ્ઞાન પામી, પૂજ્ય નીરુમાના સહાધ્યાયી રહી, છેલ્લા ૫૦ વર્ષથી દાદાશ્રીના સૂત્રધાર સમા, આપણી વચ્ચે આજે પ્રત્યક્ષ હાજર છે.

આપણે સૌ ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણને ''50th - ગોલ્ડન જ્યુબિલી જ્ઞાન વર્ષ''ની ઉજવણીના સાક્ષી બનવાનો અલૌકિક મોકો પ્રાપ્ત થયો છે. આપણી પાસે 'પોતાની ગરજે મોક્ષે જનારા કેવા હોય ?' તે નિહાળવાનો અને જોઈ જોઈને શીખવાનો સુંદર અવસર છે.

યુવા મિત્રો, આ મહિનાનો આપણો અક્રમ યુથનો અંક પણ આપણા સૌ માટે વિશેષ પ્રેરણા લઈને આવ્યો છે. તો ચાલો, આ અંક દ્વારા આપણે, પૂજ્યશ્રી દીપકભાઈના જીવનના દિવ્ય પ્રસંગો વાગોળીએ, અને એ વિવિધ પ્રસંગોથી ''મોક્ષમાર્ગી કેવા હોય?'' તેની ઝાંખી કરીએ. જેથી આપણને પુરુષાર્થ કરવાની નવી દૃષ્ટિ મળે અને આપણે પણ જ્ઞાની પુરુષે પોતે અનુભવેલા અને ચીંધેલા માર્ગે આગળ વધી શકીએ.

- ડિમ્પલ મહેતા



પ્રશ્નકર્તા : પોતાની ગરજે મોક્ષે જનારાના શું લક્ષણ હોય, તેના માટે કયો પુરુષાર્થ કરી શકીએ ?

નીરુમા : પોતાની ગરજે જેને મોક્ષે જવું છે, એ આઈડીયલ તમારે ચોપડામાં જોવું હોય તો શ્રીમદ્ રાજચંદ્રને જોવું અને પ્રત્યક્ષ જોવું હોય તો આપણા દીપકભાઈને જોવું ! એમને પોતાની ગરજે જવું છે.

જરાય ખોટ ના ખાય ક્યાંય ! સંકોચાઈ સંકોચાઈને જરાક પણ વિશેષતામાં આવ્યા વગર, દૃષ્ટિ પોતાની અંદર જ હોય, 'મારી ક્યાં ભૂલ થાય છે' ત્યાં જ એની દૃષ્ટિ હોય, બહાર ક્યાંય દૃષ્ટિ ના રાખે.



મોક્ષે જનારા કેવા ? પોતાની ગરજે મોક્ષે જનારા !

પરમ પૂજ્ય દાદાશ્રી અને પૂજ્ય નીરુમાના આશીર્વાદ પામેલા આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈમાં, જ્ઞાનીની કૃપાથી આવા અનેક ઉમદા ગુણો કેળવાયા છે, જે આપણને મોક્ષે જનારામાં કેવા ગુણો હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

ચાલો આમાંના થોડાક ગુણોને આજે વિગતવાર સમજીએ...

પરમ વિનયવાળા

દાદાશ્રીના પુસ્તકની ઝલક

પ્રશ્નકર્તા : કોઈને આપના જેવું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો કેવું વર્તન હોવું જોઈએ ?

દાદાશ્રી : મા-બાપ જોડે વિનય જોઈએ. એમની આજ્ઞામાં રહેવું જોઇએ. તેમ અહીં પરમ વિનય જોઈએ.

પ્રશ્નકર્તા : પરમ વિનય એટલે શું ?

દાદાશ્રી : અહંકારરહિત સ્થિતિ. જ્ઞાનનો સ્વભાવ કેવો છે કે ઉપરથી નીચે આવે. એટલે પરમ વિનય ચૂકે એ જ્ઞાનને જ પાછું વાળે !

પરમ વિનય એટલે ગ્રહણ કર્યા કરવું. પૂજ્ય માણસનો રાજીપો મેળવવો. પછી ભલે એ મારે-કરે પણ ત્યાં જ પડી રહેવું ! અવિનય સામે વિનય કરવો તે ગાઢ વિનય કહેવાય અને અવિનયથી બે ઘોલ મારે ત્યારે પણ વિનય સાચવવો, તે પરમ અવગાઢ વિનય કહેવાય. આ પરમ અવગાઢ વિનય જેને પ્રાપ્ત થયો તે મોક્ષે જાય. તેને સદ્‌ગુરુની કે કશાની જરૂર નથી. સ્વયં બુદ્ધ થાય એની હું ગેરેન્ટી આપું છું.

માતા-પિતા પ્રત્યેનો વિનય

પૂજ્યશ્રી : મને તો સત્તર વર્ષની ઉંમરે દાદા ભગવાન મળી ગયા હતા, એટલે ફાધર અને મારી વચ્ચે ઘણી વખત વિચારભેદને કારણે પ્રૉબ્લેમ થતાં. એ મને પરણાવવા પાછળ પડી જતાં. શરૂઆતમાં તું ભણ, આમ કર, તેમ કર અને પછી, સત્સંગમાં વધારે જવાનું થયું તો કહે ''આટલો બધો સત્સંગ કર્યા કરે છે, ઘરમાં બેસતો નથી, કામ કરતો નથી, આમ નથી કરતો.'' મારો ભણતરમાં સારામાં સારો પ્રોગ્રેસ હતો. પછી ભણતર પૂરું થયું, જોબ શરૂ થઈ, ધીમે ધીમે બિઝનેસ શરૂ થયો, તેમાં સારામાં સારો પ્રોગ્રેસ હતો.

આમ ધીમે ધીમે પાંચ-સાત વર્ષ ગયા પછી મને કહે ''તું ના પરણ્યો, સારું થયું, મારી જોડે તો રહ્યો.'' ઠેઠ સુધી ફાધરની સેવા, મધરની સેવા, બધી રીતે કરી. ફાધર પછી ખૂબ જ રાજી હતા અને પાછળથી તો મને એમ જ કહે ''તું તો મારો ગુરુ. તે આ લાઈન પકડી છે, એ જ સારામાં સારી છે. મારા મોક્ષ માટે અને મારા વ્યવહાર માટેય તે કામ લાગ્યું.''

એટલે દાદાનું જ્ઞાન મળ્યા પછી શરૂઆતના વર્ષો આમ કોન્ફ્લીક્ટમાં ગયા, તે વખતે મારી પાસે જ્ઞાન હતું 'એ શુદ્ધાત્મા જ છે.' એ ગમે તેવું મને વાંકું બોલે તો પણ એમને હમેશાં આત્મદૃષ્ટિથી

''તું ના પરણ્યો, સારું થયું, મારી જોડે તો રહ્યો.''

જોવાતું'તું અને ફાધર તરીકેનો મારો વિનય જરાય ચૂકાતો નહોતો. દાદાના જ્ઞાનથી એ દૃષ્ટિ મને નિરંતર રહેતી હતી કે એમનો દોષ નથી, મારો હિસાબ છે, એ ગમે તેવું બોલશે, એ એમનો વ્યૂ પોઈન્ટ છે પણ મારે એમને દુઃખ નથી આપવું. ઠેઠ સુધી એ જાગૃતિ સતત મને રહી હતી.

પરમ વિનય

પ્રશ્નકર્તા : નીરુમાએ ક્યારેક તો દીપકભાઈને ખખડાવી દીધા હશે ને ?

આપ્તપુત્રી : અરે ! બહુ, નીરુમા તો કેવા ખખડાવે ? એક દિવસ તો અડધો કલાક સુધી સતત ખખડાવતા રહ્યા. મને એટલું બધું આશ્ચર્ય થાય કે દીપકભાઈ કેમ ચોખવટ નથી કરતા, કેમ સાચી હકીકત નથી સમજાવતા, સાંભળ્યા કરે પણ એમ ના કહે કે 'નીરુમા, આ કારણે મને આવું થઈ ગયું, મોડું થઈ ગયું, એવું કશું જ નહીં.' એમને તો એમ જ લાગે કે નીરુમા કહે છે તે બરોબર જ છે અને મારું એમનાથી કમ્પ્લીટ ઉલટું. હું તો નીરુમાને મારી પરિસ્થિતિ સમજાવું, મારી બુધ્ધિ એટલી બધી ચાલે અને સતત આર્ગ્યુમેન્ટ કરું, હકીકત બતાવું અને મારી ભૂલ નથી, એવું પ્રુવ કરવાની કોશિશ કરું. દીપકભાઈ ક્યારેય કોઈ આર્ગ્યુમેન્ટ જ ના કરે. નીરુમા કહે તે હૃદયથી ૧૦૦% સ્વીકારે અને પોતાના દોષ શોધી કાઢી તેના પર જાગૃતિ વધારે. એવો પરમ અવગાઢ વિનય કે નીરુમા (દીપકભાઈને ઘડવા) બે ઘોલ મારે તો પણ તેમના માટેનો પરમ વિનય ક્યારેય ના તૂટે.

કોઈના દોષ ના જુએ



કોઈનેય દુ:ખ દઈને આપણે મોક્ષે જઈએ, એ બને નહીં. કોઈને દુ:ખ થયું એટલે આપણે વહેતા હોઈએ ત્યાંથી પેલો દોરડું નાખીને પકડશે કે ઊભા રહો અને બધાને સુખ આપીએ તો બધા જવા દે.

સતત આત્માની જ વિચારણામાં

નીરુમા : ઘણા વર્ષ પહેલાં નીરુમા અને દાદા ઔરંગાબાદ હતા. પછી દીપકભાઈ મુંબઈથી ઔરંગાબાદ ટ્રેનમાં આવેલા. ટ્રેન બદલવી પડે અને બીજી ટ્રેનની રાહ જોતા જોતા ૧૫-૧૬ કલાકે પહોંચ્યા.

દીપકભાઈ દાદાને મળવા આવ્યા ત્યારે દાદાએ પૂછ્યું, ''શું કરતો'તો આટલા કલાકો ?'' દીપકભાઈ કહે, ''ટ્રેન પર ચઢ્યો અને પાટિયામાં ચઢીને સૂઈ ગયો. સૂતો, પણ એક સેકન્ડ પણ ઊંઘ નથી આવી. બસ મને આત્માનું જ ચાલ્યા કરતુ હતું, દાદા ! તમારા દર્શન કર્યા ત્યારથી નોનસ્ટોપ ચાલ્યા કરતું હતું.''

પછી દાદાએ કહ્યું,

''આ કૃપાળુદેવને જે ચાલતું હતું ને જ્ઞાનાંક્ષેપકવંત, એ જ દશામાં છો તું. ''

નીરુમા : એટલે આ કોઈ જેવું તેવું કામ નથી, કો'કને જ આવું મળે. આત્માની જ વાત, બીજા વિચારેય ના આવે.

ખાવા-પીવાનું ના હોય, ફેરિયા આવે, કશું નહિ, આત્માનું જ. ક્યું સ્ટેશન આવે એય જુએ નહી ગાડીમાં. બધા ઉતરી પડતા, એનેય ઉતરવાનું. 'સાહેબ ઉતરો' તો એ ઉતરી જાય.

આપ્તપુત્ર : અને આ દીપકભાઈએ સોળ કલાકનું કીધું ને, તો મારે કન્ટીન્યુઅસ આવા સોળ કલાક-વીસ કલાક દાદાના કામના વિચાર આવે કન્ટીન્યુઅસ, બ્રેક જ ના પડે એમાં ક્યાંય. એવું આ કેટલા વર્ષોથી ચાલ્યા જ કરે, તો હવે એમાં કેવી રીતે આત્માની તરફ જવાય ? શક્તિ તો છે જ, પણ અત્યારે પુદ્ગલમાં વપરાયા કરે છે બધી.

નીરુમા : એ કામના વિચારમાં ના હોત તો સંસારમાં ચાલ્યા કરતે, આવી રીતે. ધંધાના, બેનોના, છોકરાઓના વિચાર આવત. એક સ્ટેપ આગળ વધ્યો કે ભાઈ આ સંસારના વિચાર નથી આવતા, લોક કલ્યાણના કાર્યોના વિચાર આવે છે, એમ કરતા કરતા ક્યારેક એવો ટર્ન મારશે કે વિચારો આત્મા તરફ જશે. તૈયારી રાખજે કે આ ચેન્જ થઈ જાય ને આત્મામાં જતું રહે તો ઉત્તમ.

મારે કંઈ દીપકભાઈ જેવું નહોતું, મારે તો આખો વખત દાદાની સેવાના જ વિચારો આવે. સેવાના નહીં તો દાદાના, બીજા કંઈ વિચારો જ ના આવે મને.

સતત આત્માના જ વિચારો

દાદાના અને દાદાની સેવાના જ વિચારો

સંસારમાં ધંધાના, બેનોના, છોકરાઓના વિચારો

વ્યવહારની વિચારણા છૂટે તેમ આત્માની વિચારણા વધે.

સદા સિન્સિયર



દાદાશ્રી : સિન્સિયારિટી એટલે મૂળ આત્માની નજીકની બાઉન્ડ્રીમાંનો જ ગુણ છે એ. તે સિન્સિયર એટલે પોતાનેય રહે ને પારકાનેય રહે. એવું નહીં કે આ માલ પરભાર્યો છે. આ મારો સાહેબ છે એટલે સિન્સિયર રહું છું અને આની જોડે ના રહું, એવું નહીં. સિન્સિયર સ્વભાવગત્ હોય.

દરેક બાબતમાં સિન્સિયર રહીએ એ મોક્ષે જવાની નિશાની !

નીરુમા : દાદાએ દીપકભાઈ માટે બહુ સરસ કહેલું, એમનામાં સિન્સિયારીટીનો ગુણ બહુ ઉંચો છે, જેમાં પડ્યા હોય એમાં સિન્સિયરલી પડશે અને છેક સુધી પાર પહોંચી જશે, એટલે સિન્સિયારીટી એમને બહુ આગળ લઈ જશે.

પૂજ્યશ્રીના સ્વમુખે...

મારે જો બારી બંધ કરવાની હોય તો કેવી ભાવનાથી કરું, મચ્છરો ના આવે. મચ્છર આવશે, કોકને કરડશે, એ માંદો પડશે, ૧૫ દિવસ બગડશે, દાદાના કામ રખડી પડશે.

મશીનરીને સિન્સિયરલી એવી રીપેર કરું કે ૩-૪ મહિના સત્સંગમાં જાવ ત્યારે પણ બગડે નહી.

આવતીકાલે મારી જગ્યાએ જે હોય, એને સુવિધા રહે એવી ગોઠવણી કરું. તેથી કરીને એ માણસને, કામકાજને બધી રીતે સિન્સિયર.

પોતાની સગવડતા ના જોઉ, હું ડબલ મહેનત કરીશ પણ મહાત્માને એના ટાઈમે મળવું જોઈએ. એમને સમયસર મળે એ આપણી સિન્સિયારીટી.

પોલારિયું નહી, કપાલભાતી પ્રાણાયામ કરું તો પહેલા શ્વાસમાં જેટલું ડીપ હોય એટલું જ છેલ્લામાં શ્વાસમાં હોય, સરખું જ હોય, સિન્સિયર એટલે સિન્સિયર.

બે સંજોગ વચ્ચે ટાઈમ હોય - બે મિનિટ, પાંચ મિનિટ, બે કલાક ત્યારે પોતાના સ્વરૂપને સિન્સિયર રહેવાનું.

બધો ટાઈમ દાદાને સિન્સિયર, કામને સિન્સિયર, વ્યક્તિને સિન્સિયર, જે વખતે જે આવ્યું તેને ૧૦૦% સિન્સિયર રહેવાનું.

એડજસ્ટ એવરીવ્હેર થાય



જેને 'એડજસ્ટ' થવાની કળા આવડી, એ દુનિયામાંથી મોક્ષ તરફ વળ્યો. 'એડજસ્ટમેન્ટ' થયું, એનું નામ જ્ઞાન. જે 'એડજસ્ટમેન્ટ' શીખી ગયો, તે તરી ગયો. ભોગવવાનું છે તે તો ભોગવવાનું જ છે પણ 'એડજસ્ટમેન્ટ' આવડે, એને વાંધો ના આવે, હિસાબ ચોખ્ખો થઈ જાય. આ બહારવટિયા મળી જાય તેની જોડે 'ડિસ્એડજસ્ટ' થઈએ તો એ મારે, એનાં કરતાં આપણે નક્કી કરીએ કે એને 'એડજસ્ટ' થઈને કામ લેવું છે.

એડજસ્ટમેન્ટ લેવું ના પડે લેવાઈ જ જાય.

પ્રશ્નકર્તા : પૂજ્યશ્રી કઈ રીતે એડજસ્ટમેન્ટ લેતાં ? એ વિશે થોડી વાતો કરો ને.

આપ્તપુત્રી : પૂજ્યશ્રી તો સહજ એડજસ્ટ જ હતા. નિરંતર, કઈ રીતે નીરુમાનું વધારે સચવાય, કઈ રીતે તેમની સુવિધા જળવાય, કેવી રીતે મદદરૂપ થઈશ તો નીરુમા દાદાનું કામ વધુ સારી રીતે કરી શકે, સતત એમાં જ ચિત્ત રમણતા હતી. એમના લક્ષ્યમાં સતત નીરુમા હતા, માટે એમને અનુકૂળ થવાય તે રીતે સહજ એડજસ્ટ થઈ જ જતાં.

ટ્રેનમાં બેઠેલા નીરુમાનો એક ફોટો છે, નીરુમા ટ્રેનમાં ઉપરના પાટિયા ઉપર બેઠા છે અને સામે એક બેન છે. દીપકભાઈ આ બાજુ પાટિયા પર છે અને આપ્તપુત્રી બેન બીજી બાજુ બેઠા છે. દીપકભાઈની પોતાની બેસવાની જગ્યા ગમે તે હોય, પણ નીરુમાને તકલીફ નથી ને ? એમનું ચિત્ત સતત નીરુમામાં અને જ્ઞાનવાણીમાં હોય, બસ. બીજે ક્યાંય તેમનું ચિત્ત જોયું નથી.

નીરુમા તો જગત કલ્યાણના ખૂબ મોટા નિમિત્ત હતા અને પૂજ્યશ્રી નિરંતર તેમના અવગાઢ વિનયમાં હતા. અત્યારે પણ હમેશાં પૂજ્યશ્રી પોતાના બદલે તેમની સાથેવાળા માટે જ વિચારતા હોય, પછી તે સંકુલ હોય કે મહાત્માઓ. કોઈને તેમના થકી લેશમાત્ર તકલીફ ના થાય, તે માટે સામાને ખબર પણ ના પડે તે રીતે સહજ એડજસ્ટમેન્ટ લેવાઈ જતાં હોય.

દાદા દરબારમાં પૂજ્યશ્રીના એડજસ્ટમેન્ટ
સેવાર્થીઓના શબ્દોમાં...

જ્યારે વડીલો કે બીમાર મુમુક્ષુઓ દર્શન માટે આવે, ત્યારે પૂજ્યશ્રી બંને પગ એટલા ઊંચા કરી દે કે ફક્ત માથું જ નમાવતા દર્શન થઇ જાય અને એમને દર્શનનો સંતોષ પણ થાય.

ચાર-પાંચ જણને ફોન પર વિધિ કરાવવાની હોય, ત્યારે બંને હાથમાં બે-બે ફોન આરામથી પકડી લે. એમનો હેતુ એટલો જ હોય કે બધાને પૂજ્યશ્રીનો અવાજ ચોખ્ખો સંભળાય અને દરેકને એવું જ લાગે કે મારી સાથે વાત કરી રહ્યા છે. બધાને સંતોષ થાય તે માટે એવું એમનું એડજસ્ટમેન્ટ હોય.

કોઈ વજનદાર મૂર્તિ લઈ આવ્યા હોય અને પૂજ્યશ્રી સાથે વાત કરતાં ઊભા રહે, ત્યારે મૂર્તિ વજનદાર હોવા છતાં પ્રેમથી પોતાના ખોળામાં લઈ લે જેથી મહાત્માને તકલીફ ઓછી પડે.

પૂજ્યશ્રીને પોતાને ACની જરૂર ના હોય પણ દરબારમાં હાજર બધાને કમ્ફર્ટ રહે, માટે AC કે પંખો ચાલુ કરાવે અને કોઈને ખ્યાલ પણ ના આવે કે આ એમના માટે ચાલુ કર્યું છે.

આપણે પણ પૂજ્યશ્રીની જેમ આપણા ચિત્તમાં, આપણા મમ્મી-પપ્પા, ટીચર્સ, મિત્રો કે સંબંધીઓને કોઈને તકલીફ ના પડે, તેમને કઈ રીતે હેલ્પ કરી શકું, તેમનું કઈ રીતે કલ્યાણ થાય એવી ભાવનાઓ રાખીશું તો એડજસ્ટમેન્ટ લેવા નહીં પડે, નેચરલી લેવાઈ જશે.

પ્રશ્નકર્તા : તમારી પાછળ કૂતરો પડે તો તમે શું કરો?

પૂજ્યશ્રી : પાછળ પડી જાય તો ઊભો કરું હું તો. પડી કેમ ગયો ? મોક્ષે જનાર કોઇને પાડવાનું કામ ના કરે.

પ્રશ્નકર્તા : એમ નહી, કૂતરો તમારી પાછળ દોડે તો તમારા હાવભાવ કેવા હોય ?

પૂજ્યશ્રી : એના શુધ્ધાત્મા જોવાનું બીજું શું કરવાનું ? એને કહેવાનું 'તું આવ બેટા, શાંતિથી બેસ. તને કઈ ખાવું છે ? બિસ્કીટ ખાઈશ કે ટોસ્ટ ખાઈશ ?' એને પૂછી જોઉં. એ કહે કે 'બિસ્કીટ' તો બિસ્કીટ આપવાનું એને. આ કૂતરાઓને તો જરાક મોટામાં કશું ધરોને તો ઝઘડવાનું ભૂલી જાય, બોલો.

પ્રશ્નકર્તા : દીપકભાઈ, માનો કે તમને એક દિવસ માટે ધ પ્રેસિડેન્ટ ઓફ ઇન્ડિયા બનાવવામાં આવે તો તમે શું કરો ?

પૂજ્યશ્રી : બધાને જ્ઞાનવિધિમાં બેસાડી દઉં.

પ્રશ્નકર્તા : જ્ઞાનવિધિ સિવાય બીજું કઈ શું કરો ?

પૂજ્યશ્રી : ત્રિમંદિર માટેની વ્યવસ્થામાં હેલ્પ કરવાની, બીજું કશું ના કરું.

પ્રશ્નકર્તા : તમને જાદુઈ દીવો, મળે તો તમે શું કરો ?

પૂજ્યશ્રી : હા, તો દાદા-નીરુમાને બોલાવી લઉં વહેલાં વહેલાં.

પ્રશ્નકર્તા : એ નહી, બીજું કંઈ થઇ શકે એવું કેમ ના માંગો ?

પૂજ્યશ્રી : લે, એ તો ક્યાં માંગવા જેવી વસ્તુ છે ?

અને જાદુઈ દીવો મળેને તો બધાને એવા મોટા વિમાનમાં બેસાડીને સીમંધર સ્વામી પાસે લઈ જાવ. કોઇને બાકી ના રાખું, ઈચ્છા હોય કે ના હોય બધાને બેસાડી દેવાના અને ભગવાન પાસે લઈ જવાના !

જેમ રસ્તો ઓળંગતી વખતે મનુષ્ય કેટલી જાગૃતિ રાખે છે સેફસાઈડ માટે ? એ જ રીતે આ મોક્ષમાર્ગની સેફસાઈડ માટે પણ એવી જ જાગૃતિની આવશ્યકતા છે.

દુઃખ દઈ કોઈ મોક્ષે જઈ ના શકે

પ્રશ્નકર્તા : દાદા, આપે જે કહ્યું છે ને કે રોજ સવારે નક્કી કર કે 'પ્રાપ્ત મન-વચન-કાયાથી કોઈને દુઃખ ના હો'.

દાદાશ્રી : પ્રાપ્ત એટલે આપણને જે મળ્યા છે એ, મન-વચન-કાયા. આપણું મન ખરાબ હોય તોય પણ એનાથી 'કોઈને દુઃખ ના હો' એવા આપણે ભાવ કરવાના. કોઈને દુઃખી કરીને આપણે મોક્ષે જઈએ, એ બને નહીં. કોઈ પણ જીવને, આપણા દુશ્મનનેય દુઃખ દઈને આપણે મોક્ષે જઈએ એ બને નહીં.

કોઈને કિંચિતમાત્ર દુઃખ થાય તો કોઈ જીવ મોક્ષે જઈ શકે નહીં, પછી એ સાધુ મહારાજ હોય કે ગમે તે હોય. એકલા શિષ્યને જ દુઃખ થતું હોય તોય મહારાજને અહીં અટકી રહેવું પડે, ચાલે જ નહીં !

જેમ તેમ કરી ઉકેલ લાવો

જેને મોક્ષે જવું હોય, તેણે 'આમ કરવું જોઈએ કે તેમ ના કરવું જોઈએ' એવું ના હોય. જેમ તેમ કરીને પતાવટ કરીને ચાલવા માંડવાનું. એમાં પકડી ના રાખે, જેમ તેમ કરીને ઉકેલ લાવે.

જય સચ્ચિદાનંદ...

૨૦૦૫ સપ્ટેમ્બરમાં દુબઈની એક સત્સંગ ટ્રીપ હતી. ફોરેન ટ્રીપ છે અને પૂજ્યશ્રી સાથે જવા મળે છે, માટે મઘરે મને નવા પાંચ-છ જોડી ઝભ્ભા-લેંઘા સીવડાવી આપ્યા હતા. ટ્રીપના ત્રણ દિવસ પહેલા પૂજ્યશ્રીનો ફોન આવ્યો, "મને એમ થાય છે કે હું પણ ઝભ્ભા-લેંઘા સીવડાવી લઉં. તું તાત્કાલિક કપડાનું સેમ્પલ લઈ આવ. હું તને બીજા દિવસે સવારે કન્ફર્મ કરું પછી સીવવા આપી દેજે."

અમદાવાદમાં એક મહાત્માની કાપડની દુકાન હતી. મેં દુકાને જઈ દીપકભાઈ સાથે ફોન પર વાત કરી. દીપકભાઈએ પૂછ્યું, "કાપડ કેવું લાગે છે ?" મેં કીધું "સરસ છે". દીપકભાઈ કહે "તો પછી એક કામ કર ને, આમેય ટાઈમ ઓછો છે, તું કાપડ લઈને ત્યાં જ સીવવા આપી દે ને." મેં ત્યાં સીવવા આપી દીધા.

ત્રણ દિવસ પછી, વહેલી સવારે ૫:૦૦ વાગે નીકળવાનું હતું. જવાના આગલે દિવસે રાત્રે ૧૧ વાગ્યે ઝભ્ભા-લેંઘા સિવાઈને આવ્યા. પૂજ્યશ્રીએ જેવું કપડું જોયું એવું તરત કહ્યું, "આ તો બ્લુ વ્હાઈટ છે, પ્યોર વ્હાઈટ નથી." મને તરત ખબર પડી કે લોચો પડી ગયો. પૂજ્યશ્રીના ૬ જોડી નવા કપડાં બ્લુ વ્હાઈટ કલરના થઈ ગયા. લોચો મારાથી પડ્યો હતો, એટલે અંદર ખૂબ ભોગવટો ચાલતો હતો.

પૂજ્યશ્રીએ તરત કીધું, "એક કામ કરીએ, તે નવા ઝભ્ભા-લેંઘા જોડી પ્યોર વ્હાઈટવાળા સિવડાવ્યા છે, તો તું દુબઈમાં સત્સંગ કરજે, હું બાજુમાં બેસીને તને પાણી આપીશ." એમની લઘુતા જોવા મળે, સામેવાળાને સ્લાઈટ પણ દુઃખ થાય, હર્ટ થાય, તો પાછું વાળી લે. દીપકભાઈએ કહ્યું, "આમ પણ ઘરમાં વાપરવાના જોઈતા હતા, એ મહિના પછી સીવડાવવાના જ હતા. તો સારું થયું ચાલ, મને એમાં કામ લાગી જશે અને હજુ મારી પાસે જુના જે છે, એ ચાલે એમ છે, હજુ એક-બે ટ્રીપ વાંધો નહીં આવે." તરત જ પોતે એટલું એડજસ્ટમેન્ટ લઈ લે કે સામેવાળાને જરા પણ દુઃખ ના થાય.

- દેવેન કામદાર

આપણા વ્હાલા પૂજ્યશ્રી દાદાશ્રીના કૃપાપાત્ર તો બન્યા જ, સાથે સાથે નીરુમાને પણ વિશેષે કરીને રાજી કરી શક્યા હતા. તેમના હૃદયમાં નિરંતર નીરુમા રહેતા. નીરુમાનો એટલો રાજીપો મેળવેલો કે નીરુમાનું હૈયું ગાઈ ઉઠ્યું, ...

''દીપક તું છે આંખની, અલૌકિક રોશની,
ચાંદો ચમકે આભમાં, ને તું છે એની ચાંદની ''

અક્રમ માર્ગ કૃપાનો માર્ગ છે અને પ્રત્યક્ષ જ્ઞાનીની કૃપા ઉતરે તો સહજ મોક્ષ પ્રાપ્ત થાય એમ છે. નીરુમાએ દાદાશ્રીને રાજી કર્યા અને પૂજ્યશ્રીએ દાદાશ્રી અને નીરુમા બન્નેને રાજી કર્યા. હાલમાં આપણી પ્રત્યક્ષ લીંક પૂજ્યશ્રી છે. તો ચાલો, આજે આપણે સૌ દૃઢ નિશ્ચય કરીને પ્રત્યક્ષ આત્મજ્ઞાની રાજી રહે તે માટે પા પા પગલી માંડીએ.....

દરેક કાર્ય કરતા પહેલાં પ્રત્યક્ષ આત્મજ્ઞાનીને આ ગમશે ?
મારું આ કાર્ય મોક્ષમાર્ગે બાધક તો નથી ને ?

મોક્ષે જનારા કેવા ?

દરેક પગલે વિચારે, 'જ્ઞાની રાજી થશે ?'

નીચે બતાવેલ દરેક પગલે વિચારીએ...

પ્રત્યક્ષ આત્મજ્ઞાની રાજી થશે ?

- દારૂ પીવો — Yes / NO
- માંસાહાર કરવો — Yes / NO
- boyfriend girlfriendના લફરામાં પડવું — Yes / NO
- માતા-પિતાની સેવા કરવી — Yes / NO
- ચોરી કરવી — Yes / NO
- મિત્રોની મશ્કરી કરવી — Yes / NO
- સેવા કરવી — Yes / NO
- જગતકલ્યાણ ભાવના કરવી — Yes / NO
- વિધિ - વાંચન - સામાયિક - પ્રતિક્રમણ કરવા — Yes / NO
- મમ્મી - પપ્પાને દુઃખ આપીએ — Yes / NO
- નિયમિત સત્સંગમાં જવું — Yes / NO
- હિંસક ગેમ્સ રમવી — Yes / NO

વર્ષ: ૮, અંક : ૧૧
સળંગ અંક : ૯૫
માર્ચ ૨૦૨૧

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

અક્રમયુથના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમયુથના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. YGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે. અક્રમયુથ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમયુથ ન મળે તો ફોન નં. 8155007500 પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID NO. 2) પાકુ એડેસ-પીન કોડ સહિત 3) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.